# અર્ધનગ્ન નૃત્ય : અસભ્યતા છે?

એક સાંજનો માહોલ છે. દરેક ઉંમરની, જાડી-પાતળી, ઊંચી-નીચી, ગોરી-કાળી, બૂચી આંખોવાળી અને લાંબા ટૂંકા વાળવાળી અનેક છોકરીઓ-સ્ત્રીઓ મોટા અવાજે આનંદના અતિરેકમાં, ઉશ્કેરાટમાં ચીસો પાડી રહી છે. એમના હાથમાં પકડેલા ગુલાબી રંગના ડૉલર જેવા રૂપિયાની નોટો ઉડાડી રહી છે... કેટલીક સ્ત્રીઓએ પોતાના શર્ટનાં બટન ખોલી નાખ્યાં છે... 'બ્રાઇડ ટુ બી'ના બૅન્ડ પહેરેલી રૂપાળી છોકરીઓ પર આ ટોળામાં સામેલ છે! સ્ટેજ ઉપર કેટલાક અદ્ભુત શરીર ધરાવતા છોકરાઓ નાચી રહ્યા છે. લોહી ગરમ કરી નાખે એવું સંગીત કાન ફાટી જાય એવી રીતે ગુંજી રહ્યું છે. સ્ટેજ ઉપરથી છોકરાઓ નીચે ઊતરી આવે છે. એમના ગ્રીક ગૉડ જેવાં શરીરો સંગીતની સાથે અજબ જેવી લચકમાં ઝૂમે છે. ઑડિયન્સમાં બેઠેલી છોકરીઓ, સ્ત્રીઓને આ છોકરાઓ સ્પર્શે છે, એમના ખોળામાં બેસી જાય છે, એમના કાન પાસે ચૂમે છે, એમના હાથ ઉપર હાથ ફેરવે છે, એમની કમરને પોતાની બે હથેળીમાં પકડીને એ સ્ત્રીઓનાં શરીરને એવી રીતે લચકાવે છે જેનાથી ઑડિયન્સમાં બેઠેલી સ્ત્રીઓ અને લચકી રહેલી સ્ત્રી સૌનું લોહી ધમધમાટ કરતું નસોમાં વહેવા લાગે છે! આ જગ્યા છે લાસ વેગાસ... એને લોકો 'સીન સિટી'ના નામે ઓળખે છે. કહેવાય છે કે, 'વ્હોટ હેપન્સ ઈન વેગાસ, સ્ટેઇઝ ઈન વેગાસ (વેગાસમાં જે કંઈ બને છે એ બધું અહીં જ મૂકીને જવાનું – કોઈ અહીંથી બહાર વાત નહીં કરે અને તમારે પણ વેગાસમાં બનેલી ઘટનાઓને ભૂલી જવાની!)'

'ચીપેન્ડેલ' નામનો આ શો વેગાસમાં ખૂબ જ લોકપ્રિય છે. વેગાસ ગયા હોય એણે આ શો ન જોયો હોય તો નવાઈ લાગે...

કોઈ પણ પ્રકારના છોછ કે જજમેન્ટ વગર મજા કરવાની આ જગ્યા છે. જેમ પોલડાન્સ અને સ્ટ્રીપ ક્લબ હોય છે એમ હવે છોકરાઓ પણ પોતાનાં અદ્ભુત શરીરોનું પ્રદર્શન કરી શકે છે, કરે છે! હિંદી સિનેમાએ પણ આ કથાને એક વાર રજૂ કરી દીધી છે... 'દેશી બૉય્ઝ' નામની એક ફિલ્મ આવા જ મેઇલ સ્ટ્રીપ ડાન્સરની વાર્તા લઈને આવી હતી. મજા એ છે કે, આવી ક્લબ્ઝમાં ઍટલિસ્ટ અમેરિકામાં લગભગ ૨૦૦ સ્ત્રીઓની વચ્ચે એક પણ ભારતીય કે ગુજરાતી સ્ત્રી જોવા મળી નહીં! આ યોગાનુયોગ હોઈ શકે છે. એ જ દિવસે આવી કોઈ સ્ત્રી ન હોય એમ પણ બને, પરંતુ જરા વિસ્તૃત રીતે સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણા દેશની માનસિકતા અને ઉછેર સ્ત્રીને 'સંસ્કાર'ના નામે આવી ક્લબમાં જતાં રોકે છે. એની માનસિકતા એને પુરુષને નાચતો, કપડાં ઉતારતો કે સ્ત્રીને સ્પર્શ કરીને અમુક રીતે આહ્લાદ જગાડતો જોવાની છૂટ આપતી નથી, કદાચ! આમાં વળી, એકાદ આવો પુરુષ આવીને એને પોતાને સ્પર્શે તો શું થાય?

મેઇલ સ્ટ્રીપ્ટીઝ વિદેશ માટે હવે નવો શબ્દ નથી રહ્યો. પ્રમાણમાં રૂઢિચુસ્ત મનાતા ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં પણ હવે આવા શોઝ જોવા મળે છે. એમ્સ્ટર્ડેમ કે પેરિસ જઈએ તો 'લાઇવ શોઝ' અને 'લીડો' જેવી જીવનની એક અનોખી અનુભૂતિ લીધા વિના પાછા ફરવું એ યુરોપનો પ્રવાસ અધૂરો રાખ્યા જેવી વાત છે. ઑડિયન્સમાં ખુરશીમાં બેઠેલા લોકો અત્યંત સજ્જનતા અને નિરાંત સાથે જોઈ રહ્યા હોય... કોઈને ચીસો પાડવાની કે ઊભા થવાની છૂટ ન હોય એ પછી સ્ટેજ ઉપર અદ્ભુત શરીર ધરાવતી એક સ્ત્રી અને એક પુરુષ 'સેક્સ' પ્રદર્શન કરે કે, 'પોલીગેમી' અથવા 'લેસ્બિયન' સંબંધોનું પ્રદર્શન કરે. આમાં ક્યાંય કશું વલ્ગર, ગંદું કે ઔચિત્યભંગ જેવું ન હોય. લીડો શોઝમાં કલાત્મક રીતે શરીરને ઢાંકીને સંપૂર્ણપણે નિર્વસ્ત્ર સ્ત્રીઓ જે રીતે નૃત્ય કરે અને જે પ્રકારના અંગ કસરતના દાવ કરે એ જોઈને અહોભાવ સિવાયની કોઈ લાગણી ભાગ્યે જ જન્મે...

સવાલ એ નથી કે, આપણી સંસ્કારિતા અને ભારતીય સભ્યતા આપણને આવું કરવાની છૂટ આપે છે કે કેમ? સવાલ એ છે કે જ્યારે આપણે દુનિયા જોવા નીકળીએ ત્યારે જોવાલાયક એક આ દુનિયા પણ છે... અહીં સંપૂર્ણ સન્માન સાથે આવાં નૃત્યો થાય છે. એમાં ઉડાડવા માટે જે કાગળના પીસ આપવામાં આવે છે એના ઉપર 'ચીપેન્ડેલ'માં ડાન્સ કરતા છોકરાઓનાં નામ અને એના શરીરનાં માપ (વાઇટલ સ્ટેટિસ્ટિક્સ) છાપેલાં હોય છે. અમેરિકા - અથવા લાસ વેગાસ ગમે તેટલું મૉડર્ન હોય, ત્યાં ગમે તેટલાં પાપ થતાં હોય પણ એ દેશમાં આવા કાર્યક્રમોમાં ડૉલરની નોટો ઉડાડવાની છૂટ નથી. એટલું જ નહીં, જો કોઈને ડૉલર આપવા હોય તો એના હાથમાં આપવા પડે. છોકરીઓની સ્ટ્રીપ ક્લબમાં આપણે એના અંતઃવસ્ત્રમાં ડૉલરની નોટ ભરાવી શકીએ, પરંતુ ઉડાડી ન શકીએ. એમની

કરન્સી માટે આ એમનું સન્માન છે. એની સામે આપણા ડાયરાઓમાં ઊડતી નોટો ક્યારેક આપણને આપણી લક્ષ્મી અને કરન્સી બેઉ માટેનું સન્માન કેટલું છે તે બતાવીને શરમજનક સ્થિતિમાં મૂકે છે! એથી આગળ જોઈએ ત્યારે સમજાય કે આ કોઈ છોકરીઓ-છોકરાઓને પોતાના ફોન નંબર એક્સ્ચેન્જ કરવાની કે કાર્યક્રમમાં આવેલા કોઈ પણ પ્રેક્ષકને અંગત રીતે મળવાની - એની સાથે વાત કરવાની છૂટ નથી હોતી. ત્યાં ઊભેલા બાઉન્સર્સ સતત એમના વ્યવહાર પર નજર રાખે છે. બિઝનેસની ડિસિપ્લિન (સ્વયંશિસ્ત) બહુ અગત્યની બાબત છે અહીં!

ઑર્ગેનાઇઝરને વિનંતી કરીને આવા એક નૃત્યકાર સાથે વાત કરવાની તક મળી. લોવાથી આવેલો બ્રેન્ડન મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે. એણે અનેક કંપનીઓમાં પ્રોડક્ટ ડિઝાઇનર તરીકે કામ કર્યું છે... શિકાગોમાં અમેરિકન ફૂટબોલની ટીમમાં એ હતો. પછી, એને અહીં ડાન્સ કરવાની તક મળી. બ્રેન્ડનને મેં પૂછ્યું, "તમને શરમ નથી આવતી?" જવાબમાં એ હસી પડ્યો... અત્યંત હેન્ડસમ દેખાતો બ્રેન્ડન પહેલી નજરે કોઈ પણ સ્ત્રીને ગમી જાય એટલો દેખાવડો અને એઇટ પૅકનું શરીર ધરાવે છે. એણે જવાબ આપ્યો, "હું મહેનત કરું છું. તમે જુઓ છો ને. અહીં સતત સ્ત્રીઓને ઍન્ટરટેઇન કરવી અને નાચતા રહેવું સહેલું નથી. ત્રણ કલાકના શોમાં પરસેવે રેબઝેબ થઈ જવાય છે. ક્યારેક બે શો હોય છે... ઘેર જઈને પથારીમાં પડું ત્યારે આંખ ક્યારે મિંચાઈ જાય એનો પણ ખ્યાલ નથી રહેતો. મને આનંદ છે કે હું ખૂબ પૈસા કમાઉં છું અને સ્ટાર બની ગયો છું!" બ્રેન્ડને મને પૂછ્યું, "કેન આઈ બાય યુ અ ડ્રિન્ક?" એક સારા ઘરના શાલિન પુરુષનાં તમામ લક્ષણો ધરાવતો બ્રેન્ડન લગ્ન કરવા માગે છે, પરિવાર પણ ઇચ્છે છે. એની પત્ની આ સહન કરશે કે નહીં એવું જ્યારે પૂછ્યું ત્યારે એ ફરી હસવા લાગ્યો... એણે કહ્યું, "પત્ની પસંદ કરીશ ત્યારે એની સાથે એ વિશે ચર્ચા કરીશ..." છેલ્લાં ત્રણ વર્ષથી બ્રેન્ડન આ જ કંપની સાથે કામ કરે છે. એને અનેક જગ્યાએથી ઑફર આવે છે પણ એ માને છે કે જે કંપનીએ એને સ્ટાર બનાવ્યો એને 'ફ્યુ હન્ડ્રેડ ડૉલર્સ (થોડાક સો)' માટે છોડી ન દેવાય! આપણે ત્યાં મૂળ ઑર્ગેનાઇઝરને બાજુએ મૂકીને કેટલાક કલાકારો જાતે જ બીજા ઑર્ગેનાઇઝરને ડેટ આપવાથી શરૂ કરીને ઓછા ભાવે કાર્યક્રમ વેચવા સુધીની વ્યવસ્થા કરી લે છે... ત્યારે એક વિચાર આવે કે આપણે રોજી સાથે પણ પ્રામાણિક નથી રહી શકતા?

પોલો કોએલોની નવલકથા 'એલ્કેમિસ્ટ' બહુ ચર્ચિત અને જાણીતી નવલકથા બની ગઈ, પરંતુ એમણે જ લખેલી એક બીજી નવલકથા 'ઇલેવન મિનિટ્સ' આવી જ એક છોકરીની કથા છે જે પોતાને ગામથી મોટા શહેરમાં પૈસા કમાવા, સેક્સવર્કર તરીકે કામ કરવા આવે છે. આ નવલકથામાં માત્ર પોર્ન સાહિત્ય નથી

- એ છોકરીની આધ્યાત્મિક અને ઇન્ટલેક્ચ્યુઅલ ગ્રોથની કથાને પણ આ વાતમાં વણી લેવાઈ છે. આ છોકરાઓ આપણને નવાઈ લાગે એટલું વાંચે છે, ટ્રાવેલ કરે છે... એમના ધંધામાં પ્રામાણિક છે અને એમના 'પરસેવા'ની કમાણીમાંથી બચત પણ કરે છે, ઘર ખરીદે છે... પરિવાર માટેની યોજનાઓ પણ બનાવે છે.

કોણ કયા વ્યવસાયમાં છે એના કરતાં એ વ્યક્તિ પોતાના વ્યવસાયમાં કેટલી પ્રામાણિક અને કેટલી મહેનતુ છે એવો વિચાર પણ થવો જોઈએ. આપણે આતંકવાદી કે દાણચોરીની ચર્ચા નથી કરતા, પરંતુ જ્યારે કોઈ એક વ્યક્તિ પોતાનો વ્યવસાય પસંદ કરે છે ત્યારે એમાં રહેલી સારી અને ખરાબ બંને બાબતો એ વ્યવસાયની સાથે જ મળે છે, સ્વીકારવી પડે છે. ભારતીય યુવાન જ્યારે પોતાનો વ્યવસાય પસંદ કરે છે ત્યારે એમાં તૈયાર મળતી ગાદીઓ અને એ તૈયાર ગાદી, સત્તા, સંપત્તિની સાથે જોડાયેલી અપ્રામાણિકતાઓ, ખોટું કરવાની શિખામણ અને સમજણ પણ વારસામાં મળે છે. આપણે ટેક્સ કેવી રીતે બચાવવો એ શીખવીએ છીએ, ભ્રષ્ટાચાર-લાંચનું પ્રશિક્ષણ આપીએ છીએ પરંતુ ભવિષ્યની પેઢીને આપણા દેશ માટે, આપણી કરન્સી માટે, આપણા ધ્વજ માટે કે આપણા બંધારણ માટે માન-સન્માન ઊભું થાય એવું કંઈ કરી શકતા નથી.

સંસ્કાર આપણે કોને કહીશું?

□ □ □

# ‘લવયાત્રી’ વિરોધથી વગર જોઈતી બબાલ સુધી...

વડોદરાથી શરૂ કરીને મુંબઈ અને મહારાષ્ટ્રનાં બીજાં શહેરોમાં નવરાત્રિના દિવસો નજીક આવ કે ચણિયાચોળીની સિઝન પૂરબહારમાં શરૂ થઈ જાય છે. વિદેશ હોય કે ભારત, નવરાત્રિની ઉજવણી એક વિચિત્ર પ્રકારની ઘેલછા લઈને આવે છે. એક યુફોરિયા, એક ઉન્માદ બધાંનાં મન, મગજ અને મિજાજ ઉપર છવાઈ જાય છે. લાઉડસ્પીકરોના અવાજ, ટ્રાફિકનો ત્રાસ અને સાથે સાથે લગભગ દરેક શહેરમાં વધતો જતો ક્રાઇમ ચિંતાજનક તો છે જ, પણ સાથે સાથે એક બીજી સમસ્યા ઊભી થઈ છે તે સેક્સ્યુઅલ એસોલ્ટ અને બળાત્કારની છે. ઘેરથી ગરબા રમવા નીકળેલી દીકરી પાછી ન ફરે ત્યાં સુધી માતા-પિતાને ચિંતા થાય એ સ્વાભાવિક છે, પણ હવેના સમયમાં તો દીકરો પાછો ન ફરે તો પણ એવી જ અને એટલી જ ચિંતા થાય છે. મુંબઈમાં લાઉડસ્પીકર રાત્રે દસ વાગ્યે બંધ થાય છે. અમદાવાદમાં બાર વાગ્યે બંધ કરવાનો કાયદો છે, પણ આપણે બધા કાયદા નહીં પાળવામાં ચેમ્પિયન છીએ... કેટલીક સોસાયટીમાં કોઈ ગરબા ન રમતું હોય તો પણ મોટા અવાજે લાઉડસ્પીકર વગાડીને નવરાત્રીની ઉજવણીમાં ખર્ચ અને જીદ બંનેનો અતિરેક કરવામાં આવે છે. આપણે બધાં પરંપરાનો અર્થ રૂઢિ અને જડતા સાથે જોડીને જીવતા લોકો છીએ. નવરાત્રિનો અર્થ કે એનું માહાત્મ્ય કોણ અને કેટલા સમજે છે એ વિશે ચર્ચા કરવાનો બહુ અર્થ નથી... નવરાત્રિ શક્તિનું પર્વ છે... વગેરે વગેરે આપણે સમજી ચૂક્યા અને સાંભળી ચૂક્યા છીએ.

2018ની નવરાત્રિમાં રિલીઝ થયેલી એક ફિલ્મ, ‘લવયાત્રી’ વિશે વાત કરવી છે. રસ્તામાંથી જડેલી એક અનાથ છોકરીને

લેજન્ડરી લેખકનો પરિવાર પોતાની દીકરી માનીને ઉછેરે છે. એ છોકરીના ધર્મ કે જન્મ વિશે કોઈ માહિતી ન હોવા છતાં એને પોતાની બહેન માનીને ત્રણ ભાઈઓ વહાલ કરે છે, ચાહે છે. આ સ્ટાર પરિવાર એ છોકરીનાં ધામધૂમથી લગ્ન કરે છે, એટલું જ નહીં, છોકરીના પતિ – પરિવારના જમાઈ માટે સલમાન ખાન જેવો નિર્માતા એક ફિલ્મનું નિર્માણ કરે છે. ફિલ્મ વિશે લખવાને બદલે મારે એની સાથે થયેલી નાઇન્સાફી વિશે વાત કરવી છે. આ ફિલ્મનું નામ 'નવરાત્રિ' હતું... પછી પરંપરાગત વિચારો ધરાવતા લોકોએ માતાજીના પર્વની પવિત્રતા અંગે વિરોધ ઉઠાવ્યો એટલે એનું નામ 'લવરાત્રિ' કરવામાં આવ્યું. એમાંય વાંધો પડ્યો એટલે હવે એનું નામ 'લવયાત્રી' કરવામાં આવ્યું! નવાઈની વાત એ છે કે 'પદ્માવત', 'રામલીલા' કે 'લવયાત્રી' જેવી ફિલ્મો સામે આપણને વાંધો પડે છે, પરંતુ નેટફ્લિક્સ ઉપર રજૂ થયેલી 'લસ્ટ સ્ટોરીઝ' કે 'સેક્રીડ ગેમ્સ' જેવી વેબસિરીઝ વિશે આપણે ચૂં કે ચાં પણ કરતા નથી! એ ન જોઈ હોય એવા લોકોને આપણે આઉટડેટેડ ગણી નાખીએ એ હદ સુધી પણ જઈ શકીએ... આજથી સાતસો વર્ષ પહેલાં જન્મેલી કોઈ રાણીની કથા સામે આપણને વાંધો છે. જોધા-અકબરનાં સત્યો તપાસવા આપણે ઉતાવળાં થઈ જઈએ છીએ, પરંતુ બાલાજી અલ્ટની 'ગંદી બાત' જેવી વેબસિરીઝ વિશે વિરોધ કરવામાં આપણને રસ નથી... નવરાત્રિ હોય, લવરાત્રિ કે લવયાત્રી, વાર્તા બદલાવાની છે? અભિનેતા બદલાવાના છે?

તેમ છતાં આપણે નામની પાછળ કોઈ કારણ વગર ઝંડા ઉપાડીને વિરોધ વ્યક્ત કરવામાં સમય, શક્તિ અને સંસાધનનો કેટલો વ્યય કરીએ છીએ એ વિશે વિચારવા જેવું લાગે છે? માણસ હોવાના કેટલાક બેઝિક ગુણો છે. ઈર્ષ્યા, અહંકાર અને આળસની સાથે સાથે અણસમજ પણ એમાંનો જ એક ગુણ છે. આમ તો આને અવગુણ કહેવાય, પરંતુ માણસ નામના પદાર્થના આ ગુણધર્મો છે એમ કહીએ તો પણ ચાલે.

નવરાત્રિના દિવસોમાં છોકરીઓએ બૅકલેસ પહેરવું કે નહીં? એ વિશે કેટલાક લોકો 'મોરાલિટી'નો ઝંડો ઉપાડીને ચારેબાજુ ફરતા હોય છે. બળાત્કાર કે મોલેસ્ટેશન (છેડતી)ના બનાવ બને ત્યારે 'એણે જે કપડાં પહેર્યાં હતાં એ જોઈ અમે ઉશ્કેરાયા' આવું બહાનું કાઢનારાઓની સંખ્યા ઓછી નથી, પરંતુ અહીં સવાલ એ છે કે સ્વિમિંગ પૂલમાં નહાતા ગ્રીક ગૉડ જેવાં શરીરો જોઈને કે સ્વિમસુટમાં ભીના થયેલા પુરુષશરીરને જોઈને સ્ત્રીઓ કેમ ઉશ્કેરાતી નહીં હોય? ને જો ઉશ્કેરાય તો પણ પુરુષની છેડતીના કે ચાર સ્ત્રીઓએ ભેગી થઈને પુરુષ પર થયેલા બળાત્કારના કેટલા કિસ્સા આપણે સાંભળ્યા?

નવરાત્રિનું સૌથી મોટું માહાત્મ્ય એ સ્ત્રીનો સંયમ છે. દેવી હોય કે દાસી,

સ્ત્રી પાસે જે સંયમ છે એ બીજે ક્યાંય જોવા નથી મળતો. મા હોય કે પત્ની, પ્રેમિકા હોય કે બહેન, દોસ્ત હોય કે દુશ્મન... સ્ત્રીના સ્વભાવમાં સંયમ જોવા મળે છે. આ સંયમને જે પડકારે કે લલકારે એવા બધા શુંભ-નિશુંભ, ચંડ-મુંડ જેવા દૈત્યોના સંહાર માટે એ ત્રિશૂળ, ખડગ કે તલવાર ઉપાડે છે. આપણે બધા જ સ્ત્રીના સંયમને ટેકન ફૉર ગ્રાન્ટેડ લઈએ છીએ. એ ન બોલે, ફરિયાદ ન કરે કે પરિસ્થિતિ સામે માથું ન ઊંચકે એનો અર્થ એ નથી કે એને પરિસ્થિતિ સામે વિરોધ નથી. સ્ત્રી પાસે એ અજબ જેવી સહનશક્તિ છે અને ન સમજાય તેવી અસલામતી... આ બેનો સમન્વય સ્ત્રીને સામાન્યતઃ ચૂપ રહેવા માટે મજબૂર કરે છે. ક્યારેક સંતાનો માટે તો ક્યારેક માતા-પિતા માટે, ક્યારેક સમાજ માટે તો ક્યારેક પ્રેમ માટે... સ્ત્રી મોટે ભાગે પરિસ્થિતિ સાથે સમાધાન કર્યા કરે છે.

મૂળ વાત એ છે કે દરેક સમાધાનની એક સીમા હોય છે, હોય જ છે! પરંપરાની બેડીઓમાં જકડાયેલી સ્ત્રી જ્યારે વિરોધ નથી કરતી ત્યારે એની ભીતર વિરોધ નથી જાગતો એમ માનવાની જરૂર નથી. વિરોધ તો છે, પણ એને વાચા નથી. એટલે વાચા વગરનો આ વિરોધ વધુ તરફડે છે, વધુ ગૂંગળાય છે, વધુ અકળાય છે અને પરિસ્થિતિ સામે વધુ લાચારી કે અસહાયતા અનુભવે છે. આ અકળામણ, ગૂંગળામણ કે અસહાયતા પહેલાં ક્રોધમાં ને પછી ભયાનક વિદ્રોહમાં પલટાય છે. આ વાત એકાદ સ્ત્રીની નથી... એક આખી સ્પીશીસની, કમ્યુનિટીની કે એક આખી જનરેશનની વાત છે.

'લવયાત્રી'ની કથા પણ પ્રણયકથા તો છે જ, પરંતુ એમાં પ્રેમનો વિરોધ કરનારા સામેનો વિદ્રોહ પણ છે. આ કથા અજાણતાં જ બે જુદી પેઢીના ટકરાવની, પરંપરાઓ સામેના વિરોધની કથા બની ગઈ. આપણે કેમ નથી સમજતા કે નવરાત્રિ એ પરંપરાગત ગરબે રમવાનો ઉત્સવ નથી, પરંતુ સમયના બદલાવ સાથે એવિલની સામે ગુડનો વિજય થવાની કથા છે. દરેક વખતે અશુભની સામે શુભનો વિજય થાય એ કથા આપણને સહુને ગમે છે. આ અશુભ એ અસુર છે... આ એવિલ અથવા સેટન એ અસુર છે. રૂઢિચુસ્તતા, જડતા, જીદ, અહંકારના તમસમાં ઘેરાયેલા બધા જ અસુરોનો વિનાશ કરવો એ જ દેવીનો ઉદ્દેશ છે. શિવ જેવા મહાકાલ અને ભય પમાડનાર વ્યક્તિના પ્રેમમાં પડનારી પાર્વતીની કથા પણ શું નવી પેઢીની પ્રણયકથા નથી? દક્ષ પ્રજાપતિના વિરોધ છતાં શિવને પોતાના પતિ તરીકે પસંદ કરનાર સતીની કથા હોય કે શિશુપાલ સાથે વિવાહ થયા હોવા છતાં કૃષ્ણને પત્ર લખીને પોતાના અપહરણ માટે આમંત્રિત કરનાર રુક્મિણીની કથા પ્રણયકથા નથી? કોઈકની વાગ્દત્તા હોવા છતાં કૃષ્ણને પ્રેમ કરતી રાધાની કથા સામાજિક વિદ્રોહની કથા નથી? જો આ બધાને આપણે પવિત્ર માનતા

હોઈએ તો એક સીધી-સાદી પ્રેમકથા પરથી બનેલી ફિલ્મનો આપણે શા માટે વિરોધ કરવો જોઈએ? એ 'પદ્માવત' હોય કે 'રામલીલા', 'જોધા-અકબર' હોય કે 'લવયાત્રી', આપણે વિરોધ શેનો કરીએ છીએ? પ્રેમનો, પ્રેમીનો કે એમના સમાજની સામેના વિદ્રોહનો, પહેલાં તો એ નક્કી કરવું જોઈએ એવું નથી લાગતું?

સિનેમા એક 'ફિક્શન' – વાર્તા છે. એમાં દર્શાવવામાં આવતા સેક્સના દશ્યો વિષે કોઈ વિરોધ કે છોછ નથી પરંતુ 'પદ્માવતી'નું નામ પદ્માવત કરવું પડે એ હદે આપણી માનસિકતા વિફરી શકે છે!

ફિલ્મ એ મનોરંજનનું માધ્યમ છે. એમાં કહેવાતી કે બતાવવામાં આવતી કથાઓની અસર જો સમાજ પર થતી હોય એમ માનીને વિરોધ કરવામાં આવે છે તો સૌથી પહેલો વિરોધ ફિલ્મોમાં બોલાતી ગાળોનો અને એમાં દેખાડવામાં આવતાં વાંધાજનક દશ્યોનો થવો જોઈએ. પ્રેમનો વિરોધ શા માટે? આપણે બધા મનોમન ઇચ્છીએ છીએ કે ક્યાંક આપણી ભીતર પણ અશુભનો હ્રાસ થાય અને શુભનો વિજય થાય. 'લવયાત્રી' પણ કદાચ આવી જ કથા છે. પ્રેમનો, શુભનો અને સ્નેહનો વિજય થાય... અશુભની, રૂઢિચુસ્તતાની, જડતાની હાર થાય... શું આ નવરાત્રિની કથા નથી? આ ફિલ્મ છે એટલે છે કે પછી આમાં પ્રણયકથા છે એટલા માટે એનો વિરોધ કરવો એ પણ એક પરંપરા બની ગઈ છે?

  

# યે રિશ્તા ક્યા કહેલાતા હૈ...

"તુમ્હારે હિસાબ સે મુઝે ક્યા કરના ચાહિયે?" હૃદય હલી જાય એવી રીતે સુનિલ દત્તનો રોલ કરતા અભિનેતા પરેશ રાવલ એના દીકરાના મિત્રને પૂછે છે... શરાબ પીને એમના દીકરાનો મિત્ર એમને કહેવા આવે છે કે દીકરો ડ્રગ એડિક્ટ થઈ ગયો છે, જે બધું પિતા સાથેનું કમ્યુનિકેશન ઓછું હોવાને લીધે અને માતાનું મૃત્યુ થયું છે એને કારણે આવું બન્યું છે. અભિનેતા પરેશ રાવલ (સુનિલ દત્તના રોલમાં) ખુરશી પર ફસડાઈ પડે છે અને ભીની આંખે તદ્દન નિઃસહાય થઈને પૂછે છે, 'તુમ્હેં ક્યા લગતા હૈ, મૈં ક્યા કર સકતા હૂં...' આ સવાલ માત્ર સુનિલ દત્તનો નહીં હોય... કેટલાય પરિવારોમાં કેટલાય પિતા આ પ્રશ્ન પૂછવા માગતા હશે, કદાચ. આપણે બધા જ ક્યાંક ને ક્યાંક સારાં માતા-પિતા બનવા માટે કંઈ પણ કરવા તૈયાર હોઈએ છીએ.

એક પંખી પણ જો ઈંડું મૂક્યા પછી ચણવાનું છોડીને પોતાના થનારા સંતાનની કાળજી માટે માળામાં જ બેસી રહેતું હોય તો આપણે માણસ છીએ, આપણે માટે આપણા સંતાનથી વધુ બીજું શું હોઈ શકે! અને જ્યારે એવું સંતાન આપણા કહ્યામાં ન હોય કે આપણી સાથે તોછડાઈથી વર્તે, એના જીવનમાં શું ચાલી રહ્યું છે એની આપણને ખબર ન પડે ત્યારે માતા-પિતા તરીકે કેટલું અસહાય અને કેટલું અસલામત અનુભવાય એ તો કદાચ માતા-પિતા થયાં હોય એને જ સમજાય... માતા-પિતા હોવું એટલે માત્ર જન્મ આપવો અને એમને માટે ઉત્તમ જીવનવ્યવસ્થા ઊભી કરવી એટલું જ નથી હોતું. માતા-પિતા બનનાર દરેક વ્યક્તિ એના સંતાનના ભવિષ્ય વિષે પણ એટલાં જ સજાગ અને સભાન હોય છે. લગભગ દરેક માતા-પિતા

ઇચ્છે છે કે પોતાના બાળક માટે શ્રેષ્ઠ ભવિષ્યનું નિર્માણ કરે. હવે, આ શ્રેષ્ઠ ભવિષ્ય બાળકની દૃષ્ટિએ અને માતા-પિતાની દૃષ્ટિએ જુદું હોય એવું બની શકે, પરંતુ આજનાં સંતાનો પોતાના ભવિષ્ય વિશે બહુ સજાગ કે સભાન નથી એવી લગભગ તમામ માતા-પિતાની ફરિયાદ અને પીડા છે. આને માટે કોણ જવાબદાર છે એ વિશે કદાચ અનેક વાર ચર્ચા થઈ ચૂકી છે. એ માતા-પિતા જેમણે એમને બધી જ સગવડ ઊભી કરી આપી છે અથવા જેમણે એમના પર જીવનનો તડકો પડવા જ નથી દીધો, એ માતા-પિતા પોતાના સંતાનને જ્યારે ખોટે રસ્તે જતું જુએ અને એની સાથે કડક થાય ત્યારે મોટા ભાગના કિસ્સાઓમાં મોડું થઈ ચૂક્યું હોય છે...

હજી હમણાં જ રજૂ થયેલી 'સંજુ' નામની ફિલ્મમાં સંજય દત્તના જીવનની કથા કહેવામાં આવી. એ પછી રિલીઝ થયેલા એના બાયોગ્રાફીના પુસ્તક 'એ બૅડ બૉય'માં પણ સંજય દત્તના જીવનની કેટલીક બાબતોને ધોઈ, લૂછી, સાફસૂફ કરીને આપણી સામે રજૂ કરવામાં આવી. હવે સવાલ એ છે કે સુનિલ દત્તની ઇમેજ સુધારવી કે સંજય દત્તની બદનામી એ ફક્ત મીડિયાનો કાંકરીચાળો છે એવું કહીને છટકી જવાથી શું સાચે જ ઇમેજ બદલી શકાશે?

એક સન્નિષ્ઠ કૉંગ્રેસ કાર્યકર્તા, એમ.પી. અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જેને ઘણું માન આપવામાં આવ્યું એવી વ્યક્તિનો દીકરો જેલમાં જાય ત્યારે એના હૃદય પર શી વીતી હશે એવો વિચાર દીકરાને કેમ નહીં આવતો હોય!

ટીનએજ વટાવી ગયેલાં સંતાનો જ્યારે માતા-પિતાની લાગણીને ન સમજી શકે અથવા સમજવાનો ઇનકાર કરે ત્યારે માતા-પિતાના હૃદયને કેટલી પીડા થતી હશે! આપણે બધાં જ ટીનએજમાંથી પસાર થયાં છીએ. આપણને પણ આપણાં માતા-પિતા વિશે ક્યારેક વિરોધ, ગુસ્સો કે અણગમો થયા હશે, આપણે પણ સામે બોલ્યાં હોઈશું, વિરોધ નોંધાવ્યો હશે કે એમને દુઃખ થાય એવી રીતે એમનું અપમાન કર્યું હશે... બધાએ ન કર્યું હોય તો પણ, આપણામાંના ઘણા હશે જે પોતાનાં માતા-પિતાની બધી વાત સાથે સહમત નહીં થઈ શક્યા હોય. આજની પેઢી અસહમત થાય એની સામે કોઈ વિરોધ ન જ હોઈ શકે. બે પેઢીઓ દરેક વાતમાં સહમત હોય એ શક્ય પણ નથી અને ઇચ્છનીય પણ નથી, પરંતુ જ્યારે જ્યારે કાયદો તોડવામાં આવે ત્યારે વિનય ન ચુકાવો જોઈએ એ વાત કદાચ નવી પેઢી અથવા ટીનએજથી પચ્ચીસ-છવ્વીસ સુધીની ઉંમરના યુવાનોને સમજાતી નથી. ગાંધીજીએ એક સરસ શબ્દ આપ્યો, સવિનય કાનૂનભંગ... કાનૂનનો ભંગ થઈ જ શકે, પરંતુ વિનય સાથે થવો જોઈએ. મતભેદ હોઈ જ શકે, પરંતુ એ મતભેદ વિશે પોતાનો અભિપ્રાય રજૂ કરતી વખતે જ્યારે માતા-પિતાની લાગણી

દુભાય, એમને પીડા થાય કે એમનું અપમાન થાય એવા શબ્દો કે વર્તન કરવામાં આવે ત્યારે એ વિરોધ નથી રહેતો, વિદ્રોહ બની જાય છે.

વિદ્રોહને બહુ અક્કલ નથી હોતી. વિદ્રોહ કરતી વ્યક્તિનું મગજ ક્રોધ અને અણગમાથી એટલું બધું બધિર હોય છે કે એ સમયે એને લગભગ દરેક વાત ખોટી જ લાગે છે. સંદેહ અને સંશય આવા બે શબ્દો ગીતાએ આપ્યા. કૃષ્ણએ કહ્યું છે, 'સંશયાત્મા વિનશ્યતિ' પરંતુ એમણે ક્યારેય સંદેહનો વિરોધ નથી કર્યો. બલ્કે આખીયે ગીતા પ્રશ્નોત્તરી ઉપર આધારિત છે. ગીતા જ શું કામ આપણા બધા ઉપનિષદ અને ભાગવત પણ પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં કહેવાયા છે. પરીક્ષિત હોય કે ગાર્ગી, વિનય સાથે કરવામાં આવેલો વિરોધ સ્વીકારવો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. સાચું પૂછો તો જ્યારે જ્યારે સંશય કે વિરોધ જન્મ્યો છે, ત્યારે દરેક વખતે એનું નિવારણ કરવું એ વડીલોએ, ઋષિઓએ કે જ્ઞાનીઓએ પોતાનું ઉત્તરદાયિત્વ માન્યું છે. આજના સંતાનોને લાગે છે કે, એમનાં માતા-પિતા એમનો વિરોધ સાંભળવા તૈયાર નથી, પરંતુ સાચું પૂછો તો માતા-પિતાનો વાંધો વિરોધ સામે નથી, વિરોધ જે રીતે કરવામાં આવે છે એ સામે છે.

'તું ચૂપ રહે...', 'તને ના સમજણ પડે, તારું કામ કર...', 'આખો દિવસ કચકચ નહીં કરવાની' અથવા 'મારે જે કરવું હશે તે કરીશ, સલાહની જરૂર નથી...' જેવાં વાક્યો બોલતી વખતે ટીનએજથી શરૂ કરીને યુવાન વયનાં સંતાનો ભૂલી જાય છે કે એ જે ઘરમાં ઊભા છે એ માતા-પિતાનું છે. એ.સી.નું બિલ માતા-પિતા ભરે છે, બંને સમયનું ભોજન માતા-પિતા આપે છે. આ સંતાનો માતા-પિતા પર આધારિત રહીને એમના જ ઉપર દાદાગીરી કરે છે ત્યારે આ માતા-પિતા અસહાય અને અસલામત થઈ જાય છે. લગભગ દરેક મા-બાપને લાગે છે કે, 'અત્યારથી આવું કરે છે, તો પછી એની શું આશા રાખીશું?' સંતાનનો અવિનય વિરોધ અને માતા-પિતાની અસલામતી એક એવું વિષચક્ર સર્જે છે જેનો અંત કરવો મુશ્કેલ થઈ જાય છે. કાઉન્સેલર્સ, સાયકોલૉજિસ્ટ, સગાં-વહાલાં, મિત્રોની મદદ પણ આમાં કામ લાગતી નથી. સમય સાથે બંને પક્ષ એટલા બધા કડવા થઈ જાય છે કે સાથે રહેવું મુશ્કેલ થતું જાય છે.

આજના સમયની આ એટલી બધી વિકટ સમસ્યા છે જેનો સામનો લગભગ દરેક પરિવાર કરી રહ્યો છે. શું કારણ છે એમાં ઊંડા ઊતરીએ તો સમજાય કે માતા-પિતાએ અજાણતાં જ સંતાનોને એટલી બધી સલામતી આપી છે જેને કારણે હવે એના જીવનમાં સંઘર્ષ કે સપના માટે જગ્યા નથી રહી. એને બધું જ ઉપલબ્ધ છે. એ જન્મ સાથે ગાડી, પોતાનું ઘર અને ઘરમાં મળતી તમામ સગવડો ભોગવે છે. આ એક ક્લાસ (વર્ગ)ની વાત છે. બીજો ક્લાસ અથવા બીજો વર્ગ એવો છે

કે જે લોકો મધ્યમવર્ગ અથવા મધ્યમવર્ગથી નીચે છે, એમની પાસે આ સગવડ કે સલામતી નથી, પરંતુ એ રોજેરોજ આવા લોકોને જોઈ રહ્યા છે. ટેલિવિઝનની જાહેરાતો હોર્ડિંગ્સથી શરૂ કરીને એમની આસપાસની બદલાતી દુનિયામાં એમની ઇચ્છાઓ અને ઝંખનાઓ વધતી જાય છે. આ બાળકો કે યુવાનો પાસે પોતાની ઝંખના પૂરી કરવાના સીધા રસ્તા નથી. એટલે ક્યારેક ખોટે રસ્તે ચઢે છે અથવા તો બીજા લોકો ઓછી મહેનતે ઘણું પામે છે તે જોઈને, સમાજના બદલાયેલા મોરલ્સ અને સિદ્ધાંતો જોઈને એમને પણ મહેનત કરવાની કે પ્રામાણિક રહેવાની બહુ જરૂરિયાત લાગતી નથી.

બહુ મોટી ગૂંચવણ છે, આ... ઉકેલાવાને બદલે વધુ ગંઠાતી અને ગૂંચવાતી જાય છે. થોડાક અપવાદો છે. જેના પિતા રિક્ષા ચલાવતા હોય, પટાવાળા હોય તેમ છતાં સંતાનો ઉજ્જ્વળ કારકિર્દી બનાવીને જીવી જાય, પરંતુ મોટા ભાગના ટીનએજ પસાર કરેલાં કે કરી રહેલાં સંતાનો અને પચાસ વટાવી ચૂકેલાં માતા-પિતાની વચ્ચે ભયાનક ઘર્ષણ થતું રહે છે. આ ઘર્ષણનો એક જ ઉપાય છે, પચાસ વટાવી ચૂકેલાં માતા-પિતા દૃઢતાથી અને ધીરજથી આ પરિસ્થિતિને ઉકેલવાની મથામણ કર્યા કરે!

સ્નેહ બેમાંથી એકેય પક્ષે ઓછો ન હોય તેમ છતાં સમજણના અભાવે સંબંધમાં તિરાડ પડે એ આજના સમાજની કેવી ભયાનક નિયતિ છે!

## જિન્હે નાઝ હૈ હિન્દ પર, વો કહાં હૈ?

દેશના કોઈ પણ ભાગમાં, કોઈ પણ ભાષાના અખબારમાં લગભગ રોજ એક બાળકીના બળાત્કારના સમાચાર છપાય છે... 'નો નેગેટિવ ન્યૂઝ' સોમવારે પાળી રહેલું 'દિવ્ય ભાસ્કર' પણ અંતે તો આવા સમાચાર છાપ્યા વગર રહી શકતું નથી. જરા વિચાર કરીએ તો સમજાય કે, આવી સાવ કુમળી, છ-બાર મહિનાની દીકરી ઉપર બળાત્કાર કરનાર માણસ વિકૃત નહીં તો બીજું શું? જેના શરીરનાં અંગો પણ હજી તો સ્ત્રી હોવાની ઓળખ આપતાં નથી થયાં એવી છોકરીમાં સ્ત્રી જોનાર પુરુષને આપણે શું કહી શકીએ? છેલ્લા થોડા સમયમાં આવા, નાની બાળકીઓ પર થતા બળાત્કારો અને ગર્લચાઇલ્ડને ઉઠાવી જવાના, અપહરણના કિસ્સાના આંકડા જાણીએ તો હૃદય હચમચી જાય. પશ્ચિમના દેશોમાં અને મિડલઈસ્ટના દેશોમાં આવી કૂણી, કુંવારી છોકરીઓની બહુ માંગ છે એમ કહેવાય છે. બાંગ્લાદેશ અને આસામ-બંગાળથી છોકરીઓને ખરીદીને લાવવામાં આવે છે. સેક્સ માર્કેટમાં વેચી દેવાય છે. એક વાર મુંબઈ, દિલ્હી કે વિદેશ પહોંચી ગયેલીની કોઈ ભાળ એના પરિવારને ક્યારેય મળતી નથી. નવાઈની વાત એ છે કે આવી મિસિંગ કમ્પલેન્સ, ખોવાયેલી છોકરીઓની, યુવતીઓની કેટલી બધી ફરિયાદો અનેક પોલીસ સ્ટેશનોમાં પેન્ડિંગ પડી છે. એનાં કોઈ પરિણામ ભાગ્યે જ મળ્યાં છે...

સેક્સવર્કિંગ અથવા વેશ્યાગીરીના વ્યવસાયમાં ચૌદ વર્ષની નીચેની છોકરીઓના વધારે ભાવ આવે છે! નવાઈની વાત એ છે કે આ બધું જાણતા હોવા છતાં અને એ વિશેના પુરાવા હોવા છતાં આ વ્યવસાયમાં પડેલા અને આ વ્યવસાયને વિકસાવી રહેલા લોકો વિશે ખાસ કોઈ કડક પગલાં લેવામાં આવતાં નથી.

આવા લોકોને પોલીસ, રાજકારણી અને લોકલ 'ભાઈ' ગેન્ગની મદદ મળતી રહે છે. આપણે બધા જ આપણાં ઘરોમાં સલામત છીએ. આપણને બીજાની તકલીફ ત્યારે જ સમજાય છે જ્યારે એ જ તકલીફ આપણા ઉપર આવે. આપણી દીકરી ડ્રાઇવર સાથે ટ્યૂશને કે ક્લાસિસમાં જાય છે... આપણી દીકરી સમયસર ઘેર પાછી આવે છે ત્યાં સુધી કોઈની ખોવાઈ ગયેલી દીકરી વિશે છાપામાં વાંચીને આપણે આંખો પહોળી કરીએ કે કીટી પાર્ટીઓમાં, સામાજિક મેળાવડામાં એ વિશે ચર્ચા કરીએ... એથી વધુ કશુંય કરવાની આપણને જરૂરિયાત પણ લાગતી નથી!

નાની બાળકીઓના બળાત્કારો થાય ત્યારે આપણે આ કૃત્ય કરનારા 'હેવાનો'ને ગાળો દઈ શકીએ છીએ, પરંતુ આ વિશે કોઈ નક્કર પગલાં લેવાવાં જોઈએ એવું ભારતના સવા સો કરોડ વોટર કહેવા તૈયાર નથી, એ કેટલી આઘાતજનક બાબત છે. આવો એકાદ કિસ્સો હોય તો બરાબર છે, પરંતુ જ્યારે રોજેરોજ આવા એકથી વધુ કિસ્સા બનવા લાગે ત્યારે પણ આપણી આંખ ન ખૂલે એવા કેવા જાડી ચામડીના આપણે થઈ ગયા છીએ!

નાની બાળકી, જેના નાનકડા અંગમાં આવા 'હેવાન'નું અંગ પ્રવેશ્યું હશે ત્યારે એ કેટલું રડી હશે, એણે કેવી ચીસો પાડી હશે, એને કેવી અને કેટલી પીડા થઈ હશે એનો વિચાર એકાદ વાર કરી જવા જેવો છે. જેને પૂરું બોલતાં પણ નથી આવડતું એવી નાનકડી દીકરી ઉપર અત્યાચાર થાય અને એ અત્યાચાર વિશે 'હેવાન'ને જાહેરમાં મારીને કે ગામ બંધ રાખીને આપણે શું સાબિત કરીએ છીએ? આ દેશ તમાશાનો દેશ બનતો જાય છે. લગભગ દરેક બાબતમાંથી રાજકીય માઈલેજ કેવી રીતે કાઢવા એ સિવાયનો કોઈ વિચાર આપણને ભાગ્યે જ આવે છે. હિન્દુ-મુસલમાનનું રાજકારણ હોય કે દલિત અને બીજા વર્ગનું... અંતે એક રડતી, કકળતી, ચીસો પાડતી છોકરીને વસ્તુ બનાવીને એમાંથી શું-શું વેચી શકાય એટલું જ શોધવામાં મીડિયા, માણસો અને મહત્ત્વાકાંક્ષી રાજકારણીઓને રસ છે. જ્યાં સુધી એ ન્યૂઝ વેચાતા રહે ત્યાં સુધી શેરડીના સાંઠાની જેમ એને ફરી ફરીને, ફરી ફરીને મીડિયાના મશીનમાં નાખવામાં આવે છે. એનો પૂરેપૂરો રસ નીકળી જાય ને કુચ્ચો થઈ જાય એટલે ફરી આવા કોઈક નવા સમાચારની શોધ કરવામાં આવે છે.

આરોપીને સજા થતી હશે, જેલ કે ફાંસી... પણ આવા એકાદ આરોપીને સજા કરીને આપણે પોતાની જ પીઠ થાબડવામાં મશગૂલ થઈ જઈએ છીએ. કયા અખબારના સમાચારને લીધે એને સજા થઈ એને પણ સમાચાર બનાવીને છાપવામાં આવે છે! ફરી એક વાર એક 'હેવાન' બજારમાં નીકળે છે. ફરી એક બાળકીની ચીસો મીડિયાનો મસાલો બને છે...

એક સમયે બાળવિવાહ થતા, 'પેટે ચાંદલા' કરીને એકબીજાનાં સંતાનોને પોતાની પુત્રવધૂ કે જમાઈ બનાવવાનાં વચનો અપાતાં. નાની ઉંમરે લગ્નો થઈ જતાં... તેમ છતાં આણું તો ત્યારે જ થતું જ્યારે કન્યા રજસ્વલા થાય. એક કન્યા જ્યારે સ્ત્રીમાં પરિવર્તિત થાય ત્યાર પછી તે લગ્નસંબંધમાં દાખલ થવાને યોગ્ય છે, એવું સમાજ ત્યારે પણ માનતો. એ પછી આપણે ઘણા આગળ વધ્યા, ઍડ્વાન્સ થયા, ભણ્યા... વિજ્ઞાન અને સામાજિક ક્ષેત્રે ઘણાં પરિવર્તનો આવ્યાં. એ પછી માનસિક રીતે આપણે વધુ ને વધુ પછાત, વધુ ને વધુ વિકૃત કેમ થઈ રહ્યા છીએ? આનો જવાબ શોધવામાં ભાગ્યે જ કોઈને રસ છે. આનો સાદો અને બેઝિક જવાબ એ છે કે આપણે અજાણતાં જ સેક્સને એટલું બધું ચગાવીને, મઠારીને, મસાલેદાર બનાવીને વેચવા લાગ્યા છીએ કે ચારેતરફ સેક્સ સિવાય ભાગ્યે જ કોઈ વાત કે વિષય જોવા મળે છે. સિનેમામાં કામ કરતી અભિનેત્રીની છાતી અને કમરથી શરૂ કરીને હોર્ડિંગ પર દેખાતાં અંતઃવસ્ત્રોની જાહેરાત સુધી એક જ વાત ફરી ફરીને હેમર કરવામાં આવે છે; સ્ત્રીનું શરીર! એક ગરીબ, સાઇકલ રિક્ષા ચલાવતો માણસ કે લારી ખેંચતો માણસ, બાંધકામ મજૂર કે ઘરનો નોકર... એને માટે આ બધાં દશ્યો ઉશ્કેરણીજનક છે. અભણ અને પ્રમાણમાં પછાત માનસિકતા ધરાવતા આ લોકો સ્ત્રીને પોતાની ભૂખની પૂર્તિ કરવાનું સાધન માને છે. એમની ભૂખ ચોવીસ કલાક જગાડવામાં આવે છે. ચારેતરફ દેખાતી આ સેક્સની ભરમાર એમની અનિચ્છાએ એમના મનમાં સ્ત્રીશરીર પરત્વેના વિચારોને એટલા તીવ્ર, એટલા વિકૃત કરી નાખે છે કે એમને માટે સ્ત્રીનું શરીર અનિવાર્ય જરૂરિયાત બની જાય છે. પુરુષનો સંયમ પ્રમાણમાં ઓછો છે એ વાત મનોવૈજ્ઞાનિક રીતે પણ સાબિત થઈ ચૂકી છે. જાહેરમાં પેશાબ કરતા પુરુષનું દશ્ય નવું નથી... સ્ત્રી પોતાની કુદરતી હાજતને પણ ઘણા લાંબા સમય સુધી રોકી શકે છે... વિધવા સ્ત્રી કદાચ પુરુષ શરીર વગર ચલાવી શકે, પણ વિધુર પુરુષના સ્ખલનના કિસ્સા સરખામણીએ વધુ છે એવું આપણે જાણીએ છીએ. જેનો સંયમ ઓછો છે એને પોટેન્શિયલ ગ્રાહક બનાવીને એના સંયમને ઉશ્કેરવાનું કામ કરતી સિનેમા, ટેલિવિઝન, ઍડ્વર્ટાઇઝિંગ કંપનીઝ ખરેખર થોડીક જાગે એ બહુ જરૂરી છે. પોતાના શરીરનો ઉપયોગ કોઈ પણ વસ્તુ વેચવા માટે કરી રહેલી સ્ત્રી પણ એની સુંદરતાને થોડીક સંયમમાં રાખે તો કદાચ સમાજને ફાયદો થઈ શકે, એવું નથી લાગતું? સુંદર સ્ત્રીઓ ત્યારે પણ હતી ને આજે પણ છે, પરંતુ આજની સુંદરતા માત્ર પ્રદર્શનનો વિષય કેમ બની ગઈ છે? પોતે મૉડર્ન છે એવું દેખાડવા માટે માતા-પિતા પોતાની દીકરીને ટૂંકા કે તદ્દન પટ્ટી જેવી બાંય ધરાવતાં કપડાં તો પહેરાવે છે, પરંતુ એ માતા-પિતા દીકરીને પોતાની સલામતીની કાળજી લેવાનું શીખવતાં નથી. એને આંખમાં રહેલી વિકૃતિ વાંચતાં શીખવતાં નથી.

કેટરીના કૈફ કે દીપિકા પાદુકોણ જ્યારે એક વેંતની શૉર્ટ્સ કે ઑફ-શોલ્ડર પહેરે છે ત્યારે એની આસપાસ બે બાઉન્સર હોય છે. આપણી દીકરી જ્યારે આવાં કપડાં પહેરીને એકલી સાઇકલ પર કે ટુ વ્હીલર પર જાય છે ત્યારે? ફ્રીડમ અને સ્ત્રીસ્વાતંત્ર્યના નામે પોતાની રોટલી શેકતા ડોક્યુમેન્ટરી મેકર્સ, એનજીઓ કે સિનેમા મેકર્સ સ્ત્રીને સ્વતંત્રતાની કૅપ્સ્યૂલ તો ખવડાવે છે પણ એની આડઅસરોમાંથી બચાવવાનો ઉપાય કોણ આપશે? સ્ત્રી કંઈ પણ પહેરે, ગમે તેમ જીવે, સ્વતંત્રતા એનો અધિકાર છે... હા! સાચું, પરંતુ આ સચ્ચાઈની સામે આપણી આસપાસ વેરાયેલા, વિખરાયેલા, હરી, ફરી, ચરી રહેલાં વિકૃત પશુઓને નાથવાનો રસ્તો છે? વેચવા માટે કંઈ પણ વેચી નાખવું એ કેટલા અંશે યોગ્ય છે? પુરુષોની શેવિંગ બ્લેડ કે એમની અન્ડરવિયરની જાહેરાતમાં પણ દેખાવડું સ્ત્રીશરીર જરૂરી છે? અમુક-તમુક પ્રકારના આફ્ટરશેવ વાપરવાથી સ્ત્રીઓ આકર્ષાશે કે અમુક-તમુક ગંજી પહેરવાથી સ્ત્રી એને ભેટી પડશે કે અમુક ટૂથપેસ્ટ વાપરવાથી સ્ત્રી આક્રમક બનશે, આ કયા પ્રકારનું વચન આપવામાં આવે છે ગ્રાહકને?

જ્યારે આવું નથી થતું ત્યારે ઉશ્કેરાયેલા ગ્રાહકની ભૂખ, જરૂરિયાત વિકૃતિમાં પલટાઈ જાય છે. સંસ્કૃત કહેવત 'બુભૂક્ષિત કિમ્ ન કરોતી પાપમ્'ના ન્યાયે જેની ભૂખ ભયાનક અને અકુદરતી રીતે જગાડી દેવામાં આવી છે એવો આ વિકૃત બની ગયેલો બુભૂક્ષિત જગતનું સૌથી નિમ્ન પાપ કરવા તૈયાર થાય છે.

'હેવાન'ને મારી નાખવાથી હેવાનિયત નહીં મરે... જ્યાંથી હેવાનિયત જન્મે છે એ મૂળને ઉખેડવાં પડશે. મારે, તમારે અને આપણે સાથે મળીને આપણી દીકરીને વધુ મજબૂત બનાવવી પડશે. એને ચાલાક અને સમજદાર બનાવવી પડશે. આવાં પશુઓને પબ્લિસિટી આપવાનું બંધ કરવું પડશે. આવા સમાચારોને ચગાવવાને બદલે આવા સમાચારો પછી લેવાયેલાં પગલાંને સમાજ સુધી પહોંચાડવાનું કામ કરવું પડશે. પગલાં લેવાય એ જોવાની જવાબદારી આપણે સહુએ ઉઠાવવી પડશે. હું તૈયાર છું, તમે છો?